અપીલ અરજી નં.૩૧૪ તા.૬–૧ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ગંગાબેન કરશનભાઈ પટેલ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગંગાબેન કરશનભાઈ પટેલની તા.૧૫–૧૨–૧૦ ની અરજીથી આદર્શ પછાત વર્ગ ફા.પ્લોટ ૫૬૧ પૈકી સબ પ્લોટ એ/૧૦૧ ની પાછળની જગ્યામાં શ્રી રમણભાઈ સુરજીભાઈ પટેલના બાંધકામના પ્લાન તથા રજાચિઠ્ઠીની નકલ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૬–૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૧૪/૨૦૧૦–૧૧

શ્રી ગંગાબેન કરશનભાઈ પટેલની તા.૧૫–૧૨–૧૦ ની અરજીથી આદર્શ પછાત વર્ગ ફા.પ્લોટ ૫૬૧ પૈકી સબ પ્લોટ એ/૧૦૧ ની પાછળની જગ્યામાં શ્રી રમણભાઈ સુરજીભાઈ પટેલના બાંધકામના પ્લાન તથા રજાચિઠ્ઠીની નકલ આપવા બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૧૫૬ તા.૪–૧–૧૦ થી મળેલા પ્રતિભાવમાં જે માહિતી આપવામાં આવેલ છે તે અધૂરી છે તેવું જણાવી એપેલેટ ઓફિસરને તા.૬–૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૭૬ તા.૧૫–૧–૧૧ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી પછી કઈ માહિતી અધૂરી મળી છે તે સ્પષ્ટ કરવા તથા તેની સામે આધાર હોય તો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/ આ.નં.૧૨૪૫ તા.૨૭–૧–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને માહિતી તથા દસતાવેજ ફી ભરવા અંગે પાઠવેલ પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૧૪૨ તા.૨૯–૧૨–૧૦ ની પત્રની નકલ તથા એકનોલસજમેન્ટ સ્લીપની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નસ.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ આ.નં.૧૧૫૬ તા.૪–૧–૧૧ ના પત્રની નકલ તથા એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૩૧–૧–૧૧ ના પત્રથી જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી અંગેના પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૧૧૫૬ તા.૪–૧–૧૧ ના પત્રની નકલ, મુળ અરજીની નકલ, તા.૨૬–૬–૧૯૯૭ ના રોજ મંજુર થયેલ પ્લાનની નકલ, રમણભાઈ સુરજીભાઈ પટેલની રજાચિઠ્ઠી તથા તા.૨૪–૮–૦૯ ના મંજુર પ્લાનના નકશાની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૫–૧૨–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૧૪૨ તા.૨૯–૧૨–૧૦ થી અરજદારને માંગેલી માહિતીના દસ્તાવેજ ફી ના રૂા.૨૯૫/– ભરપાઈ કરીને મેળવવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી તા.૩૧–૧૨–૧૦ ના રોજ રસીદ નં.૬૯૪૮૫ થી નાણા ભરપાઈ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૧૫૬ તા.૪–૧–૧૧ થી માંગવામાં આવેલી માહિતી અન્વયે અરજીમાં દર્શાવેલ શહેર વિભાગની માંગ્યા મુજબની માહિતી ના પ્લાનની નકલ–૧ તથા માહિતી ના એ/૪ સાઈઝ ના પાનાની નકલ–૧ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. આમ અરજદારને નિયત સમય મર્યાદામાં જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ જણાય છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયમાં મળેલા પ્રતિભાવમાં અધૂરી વિગત મળેલ છે તેવું જણાવી તા.૬–૧–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જે બાબતે અત્રેથી અરજદાર તથા જાહેર માહિતી અધિકારી ને પત્ર નં.૧૧૭૬ તા.૧૫–૧–૧૧ થી પૂરક વિગતો માંગવામાં આવેલ. જેમાં અરજદારે પૂરક વિગતોમાં અસલ નગરપાલિકામાં એપ્રુવ પ્લાનમાં ૧૦૧/એ ની પાછળના ભાગમાં રોડ તથા ફુટપાથ તથા સીઓપી દર્શાવેલ છે. પરંતુ અઠવાઝોન તરફથી આપવામાં આવેલ પ્લાનમાં મકાન બતાવેલ છે ત્યાર પછીના દફતરની ઓરીજનલ પ્લાનમાં થતા ફેરફારની દરખાસ્તની નકલો તથા નવો રીવાઈઝડ એપ્રુવ પ્લાન આપવા તથા છેલ્લા ફેરફાર કરેલ એપ્રુવ પ્લાન આપવા રજૂઆત કરેલ છે. જે અરજદારની મુળ અરજીના પરિપ્રેક્ષ્ય બહાર અપીલ તબકકે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. અરજદારે મુળ અરજીમાં રમણભાઈ સુરજીભાઈ પટેલના બાંધકામ પ્લાન અને રજાચિઠ્ઠી ની માહિતી માંગેલ છે. અને તે માહિતી અરજદારે મેળવેલ છે અને તેની અપીલ તબકકે પૂરક વિગતોમાં પણ અરજદારે સ્વયં રમણભાઈ સુરજીભાઈ પટેલની રજાચિઠ્ઠી તથા તા.૨૪–૮–૦૯ ના મંજુર થયેલ નકશો હોવાની વિગતો રજૂ કરેલ છે. આમ અરજદારને મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ અરજદારની અપીલ તબકકેની ૧૯૯૭ અને ૨૦૦૯ ના પ્લાન મંજૂરીની વિસંગતતા અંગેની રજૂઆત

અન્વયે અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૩૭ તા.૩૧–૧–૧૧ થી જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને પત્ર પાઠવી ૧૯૯૭ ના પ્લાનમાં સીઓપી બતાવેલ છે જયારે ૨૦૦૯ ના પ્લાનમાં બાંધકામ બતાવેલ છે તેવી અરજદારની રજૂઆત અંગે સ્પષ્ટતાસહ વિગતો મંગાવેલ જે મળેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૫–૧૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પુરી પાડેલ. પરંતુ ૧૯૯૭ અને ૨૦૦૯ ના પ્લાનમાં વિસંગતતા હોવા બાબતે અરજદારે અધૂરી માહિતી આપેલ હોવાની રજૂઆત કરી કરેલ અપીલને અનુલક્ષી બાબત હેઠળની મિલ્કતના ૧૯૯૭ થી ૨૦૦૯ સુધીના પ્લાન મંજુરીના દફતરી ઉપલબ્ધ કાગળોની દફતરી તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં તપાસણી ફી અને તપાસણી પશ્ચાત અરજદાર નકલનો આગ્રહ રાખે તો દસ્તાવેજ ફી વસુલ લઈ અરજદારને પૂરી પાડવા તેમજ થયેલ કાર્યવાહીની જાણ અત્રે કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી ગંગાબેન કરશનભાઈ પટેલ,